# F2 ૨.૨.૧. જૈન સાધુ બનવાની પ્રક્રિયા.

જૈન સાધુની જીવનશૈલી એ સહુથી વધુ સાચા સુખી બનવાની જીવનશૈલી છે. તાણ–બોજ–ચિંતા–સંઘર્ષ અને ઉપાધિઓથી મુક્ત થવા માટે જૈન ધર્મ વિશિષ્ટ પ્રક્રિયા બતાવે છે.

જીવનશક્તિના વિકાસ માટે, હૃદયપરિવર્તન કરવું જરૂરી છે. અને હૃદયપરિવર્તન માટે વિચારોનું પરિવર્તન અનિવાર્ય બને છે.

જૈન સાધુ બનતા પૂર્વે મુમુક્ષુપણે રહીને સાધુ જીવનનો અભ્યાસ (ટ્રેઈનીંગ) કરવાનો આવે છે.

જૈન સાધુ, જીવનની ઓછામાં ઓછી જરૂરીયાતોનો ઉપયોગ કરે છે. અને વધુમાં વધુ શારીરિક કષ્ટ સહન કરી પવિત્ર જીવન જીવે છે.

જૈન સાધુ બનવા માટેની કેટલીક યોગ્યતાઓમાંથી પસાર થવાનું હોય છે:

૧) એક પણ ઈન્દ્રિયની ખોડ–ખાંપણ રહિત કુલવાન કુટુંબમાંથી આવેલો હોય,

૨) અંતર – મન સંસારથી ઊઠી ગયેલું હોય અને વૈરાગ્યમાં ચિત્ત લાગેલું હોય,

૩) ગુરુ પારતંત્ર્ય – ગુર્વાજ્ઞાને સદા અમલી બનાવવા તત્પર હોય,

૪) સહનશીલતા – શાંતિ રાખવાનો સ્વભાવ કેળવાયો હોય,

૫) ભોજનમાં ચુસ્ત જૈન ખોરાક લેવાની અને ઉકાળેલું પાણી પીવાની ટેવ પડી ગઈ હોય,

૬) અભ્યાસ–તપ–સેવા માટે કયારેય કંટાળો –થાક આવતો ન હોય,

૭) અને જૈન ધર્મના નાના–મોટા નીતિ–નિયમોનું પાલન કરવામાં સદા ઉત્સાહી હોય તે,

જૈન સાધુ થવા માટે યોગ્ય ગણાય છે આ ગુણોને કેળવવા માટે સાધુ સત્સંગ અને સહવાસ વધારતા જવું પડે છે.

તે દરમ્યાન પૂ. સાધુ – સાધ્વીજી મ. સા. સાથે વિહાર (એક ગામથી બીજા ગામ ચાલતા જવું) તપ–અભ્યાસનો મહાવરો કરવો જરૂરી બને છે. કેટલાક મુમુક્ષુ લોચ (મસ્તકેથી વાળ હાથેથી ઉતારવાની ક્રિયા) કરતાં હોય છે. સતત પૌષધ – પડિલેહણ – પ્રતિક્રમણ–સામાયિક દ્વારા જીવનને વધુ સંયમિત કરતાં હોય છે. જેથી ઉપરોક્ત યોગ્યતાઓ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા આપોઆપ સિદ્ધ થતી જાય છે. પછી પૂજ્ય ગીતાર્થ ગુરુદેવ તેઓને સાધુજીવન યોગ્ય બનેલા જાણી શ્વેત વેશ, દીક્ષાની પવિત્ર ક્રિયા દરમ્યાન આજીવન માટે પહેરાવતા હોય છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# F2 ૨.૨.૨. જૈન સાધુ સંસ્થા.

જૈન ધર્મના સિદ્ધાન્તો અને તત્ત્વોનો આધાર જિનશાસન, એ જિનશાસનના માળખાના કેન્દ્રમાં જૈનોની પવિત્ર સાધુ સંસ્થા રહેલી છે.

ચતુર્વિધ જૈન શ્રી સંઘો, જૈન ધર્મગુરુઓના નેતૃત્વ હેઠળ માળખાકીય સંચાલન કરતા હોય છે.

જૈન શાસન સાધુ સંસ્થાના સૂરિભગવંતો કે આચાર્ય ભગવંતો સર્વોપરી તરીકે બિરાજતા હોય છે. જૈન શ્રી સંઘોનાં યોગ અને ક્ષેમની જવાબદારી તેઓના શિરે હોય છે. તે મોક્ષ માર્ગે સર્વને આગળ વધારતાં હોય છે.

૧. સૂરિ ભગવંતો : જિનશાસનના રાજા, ૩૬ ગુણોના ધારક, પ્રશાંત, ગંભીર (ઊંડા)ધર્મ આશયવાળા, શાસન પ્રભાવક પાંચ પ્રકારના ઉત્તમ આચારોને પાળનારા અને પળાવનારા હોય છે.

૨. ઉપાધ્યાય ભગવંતો : ૪૫ આગમના જ્ઞાતા, તપસ્વી, આચાર્ય મ.સા. ના પરમ સહાયક, નિશ્ચય – વ્યવહારુ ધર્મ કુશલ નૂતન સાધુ – સાધ્વીજીઓને ભણાવાવમાં તત્પર હોય છે, તથા ૨૫ વર્ષથી વધુ સંયમપર્યાયવાળા હોય છે.

૩. પંન્યાસપદ ધારક : પંડિત પદ પામેલા, આગમોના જ્ઞાતા, સદા જ્ઞાન–ધ્યાનમાં મસ્ત બનનારા, ધર્મ પ્રભાવક ૨૦ વર્ષથી વધુ સંયમ પર્યાયવાળા.

૪. ગણિપદ ધારક : શ્રી ભગવતીજી (પંચમાંગ) સૂત્રનાં યોગોદ્વહન કરી ચૂકેલાં આગમજ્ઞાતા, ગ્રહણ શિક્ષા, આસેવનશિક્ષા દ્વારા તૈયાર થયેલા , ગણ (ગચ્છ)ને સંભાળી શકે તેવાં. ૧૫ વર્ષ કે વધુ સંયમ પર્યાયવાળા.

૫. પ્રવર્તક પદધારક: દીર્ઘ સંયમ પર્યાયવાળા નૂતન દીક્ષિતોને સંયમમાં સ્થિર કરાવનારા.

૬. સ્થવિર મુનિવરો : ૧) ચોથા સમવાયાંગ સૂત્રના જ્ઞાતા = શ્રુતસ્થવિર. ૨૦ કે તેથી વધુ વર્ષના દીક્ષા પર્યાયવાળા. પર્યાય સ્થવિર અને ૭૦ કે તેથી વધુ વર્ષની ઉંમરવાળા વય સ્થવિર. સંયમમાં તત્પર હોય છે.

૭. સાધુ : મોક્ષમાર્ગની આરાધના કરવામાં એકાગ્ર ચિત્તવાળા, ઊર્ધ્વ દૃષ્ટા, ક્ષમા, જ્ઞાની, ધ્યાની, તપ, વૈયાવચ્ચ વગેરે ગુણોના ધારક ૨૭ ગુણોવાળા.

બહેનો કે સ્ત્રીઓને દીક્ષા લીધા પછી દીર્ઘ વર્ષો બાદ પ્રવર્તિનીપદ યોગ્ય વ્યક્તિને આપવામાં આવે છે. ચાર આગમોના જ યોગોદ્વહન કરવાના હોય છે. અને શ્રાવિકા સંઘને તૈયાર કરતા હોય છે. હાલ તેનું પાલન અતિ અલ્પ છે.

# F2 ૨.૨.૩. જૈન સાધુના આચારો.

જૈન સાધુઓ મોક્ષ (મુક્તિ)ના લક્ષ્યમાં અને સત્યના પક્ષમાં રહેલા હોય છે. તેઓના આચારો જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને અનુસરનારા હોય છે.

જિનેશ્વરની આજ્ઞા રાગ–દ્વેષ–મોહ–વિષય–કષાય–પ્રમાદથી મુક્ત બનવા માટે હોય છે. તે આંતર શત્રુઓ ઉપર વિજય મેળવવા પાંચ મહાવ્રતોનું ચુસ્ત પાલન મન–વચન અને કાયા થી જીવન પર્યંત કરતા હોય છે.

જૈન સાધુઓને પોતાની માલિકીનું ગામમાં કોઈ ઘર નહીં અને બજારમાં કોઈ પેઢી નહીં, વેપાર–વ્યવહાર સંબંધથી મુક્ત થયા હોય છે.

જીવનભર ક્યારેય કાચું પાણી, અગ્નિ, વનસ્પતિને અડકતા નથી. પોતાની જાતે ભોજન–નાસ્તો ક્યારેય બનાવતા નથી. સ્ત્રી કે વિજાતીય સુદ્ધાંનો સ્પર્શ કરતા નથી. ઈલેકટ્રીસીટી કે વીજળીનાં સાધનો (પંખો, ફ્રીઝ, ફોન, મોબાઈલ) વગેરેનો ઉપયોગ કરતા નથી.

જીવનભર ઉઘાડા પગે ચાલીને વિહાર (પદયાત્રા) કરવા પૂર્વક ગામોગામ વિચરતા (ફરતા) હોય છે. તેઓ કદી આજનું ભિક્ષા પૂર્વકનું ભોજન બીજા દિવસ સુધી રાખતા નથી, કે કરતા પણ નથી. ધન–લક્ષ્મી કે માલ–મિલ્કત તેઓ રાખતા નથી, તેઓ પૈસાનો સ્પર્શ કરતા નથી,માથે છત્ર કે છત્રી રાખતા નથી. બૂટ – ચંપલ ક્યારેય પહેરતા નથી, માથાના વાળ કે દાઢી, હજામ પાસે કે હેરકટીંગ સલુનમાં જઈને ઉતારતા નથી, પોતાના હાથે કે બીજા પાસે હાથેથી ઉતારે છે તે કેશ લુંચન કે લોચ વર્ષમાં બે વાર કે એક વાર કરે છે. તેઓ સિલાઈ વિનાના શ્વેત વસ્ત્રો પહેરે છે.

તેઓ હંમેશા ઓઘો ( રજોહરણ), મુહપત્તિ ૨૪ કલાક સાથે ને સાથે જ રાખે છે. ઉપાશ્રય કે સ્થાનની બહાર જાય ત્યારે ખભા ઉપર કામળી દાંડો લઈને નીકળે છે. આ તેઓની ઓળખ છે.

પાંચ મહાવ્રતોના નિર્મળ આચાર દ્વારા મન, વચન અને કાયાને પવિત્ર બનાવતા હોય છે.

અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના સિદ્ધાંતોનું ચુસ્ત પાલન અને સંરક્ષણ કરતા હોય છે.

હિંસા–જૂઠ–ચોરી–અબ્રહ્મચર્ય અને મૂર્છા–મમત્વના ત્યાગ પૂર્વક ક્ષમા, મૃદુતા, નમ્રતા, સંયમ, તપ, બ્રહ્મચર્ય, સત્ય વગેરે ધર્મનું નિરંતર પાલન કરતા હોય છે. તે સિવાય દરરોજની અવશ્ય કરવા જેવી પવિત્ર ક્રિયાઓમાં – બે વખત પ્રતિક્રમણ, પડિલહેણ, સ્વાધ્યાય, નવું સર્જન, નવકારશી – ચોવિહાર વગેરે તપ, નિર્દોષ આહાર–નિહાર વગેરે જીવન પર્યંત કરતા હોય છે.

જે સમગ્ર જીવનને સમતા દ્વારા આત્મસાત્ કરી આત્માને વિશુદ્ધ બનાવે છે. જગતને સાચો બોધ આપી અનેકો માટે આદર્શભૂત બનતા હોય છે.

# F2 ૨.૨.૪. જૈન સાધુઓનું કાર્યક્ષેત્ર.

"ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના અને વૈરાગ્ય ન ટકે ત્યાગ વિના" એ વાત ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન એવાજૈન સાધુઓ ૨૪ તીર્થંકરોની ગેરહાજરીમાં પ્રભુ શાસનને (કાલપર્યંત સુધી) જગતમાં સમજવાનું, જગતમાં સમજાવવાનું અને પ્રવર્તન કરાવવાનું શ્રમણ સાધુઓનું મુખ્ય કાર્યક્ષેત્ર છે.

પૂ. સાધુ – સાધ્વીજી મ.સા.ની દિનચર્યા કે જીવનચર્યા જ્ઞાન–ધ્યાન–તપ–ત્યાગ અને સંયમ સાધનામાં નિરંતર વહેતી હોય છે. આ બધી આત્મિક સાધનાઓ દ્વારા દિવ્યગુણોની વિવિધ ઊંચાઈઓ ક્ષમતા પ્રમાણે સર કરતાં હોય છે.

આ સાધુ સંસ્થામાં કેટલાક પદવીધર કે મુનિવરો વિશિષ્ટ કક્ષાના પ્રબળ પુણ્યશાળી હોય છે તેઓની વાણી પ્રભાવક હોય છે. વચન અમોઘ હોય છે. સ્વ–પર શાસ્ત્રોના જ્ઞાતા હોય છે. નિર્મળ આચાર હોય છે. જન સમૂહને સન્માર્ગે કે સાધનામાર્ગે ચડાવતાં હોય છે. ગામો ગામ પદ (વિહાર) યાત્રા કહે છે. પ્રાચીન તીર્થો જિનમંદિર, જ્ઞાનમંદિર, સાધના (ઉપાશ્રય)મંદિર વગેરે ધર્મ સ્થાનો અંગે શ્રેષ્ઠિ વર્ગને પ્રેરણા – ઉપદેશ આપતા હોય છે અને જિર્ણોદ્ધાર કે નવનિર્માણ યથાયોગ્ય રૂપે કરાવતા હોય છે. તો સામાન્ય જનને જીવન જરૂરીયાત અંગે અપેક્ષાની પૂર્તિ માટે પ્રયત્ન કરે છે. યોગ્ય રીતે સાધર્મિકભક્તિ તથા અનુકંપા (દયા–દાન)ના ઉપદેશો–સૂચનો અપીતા હોય છે. પોતાના સ્વાર્થ વગર લાખો–કરોડો રૂપિયાનું દાન ધર્મમાર્ગે, સન્માર્ગે કે આરાધના માર્ગે વાળવાનો ઉપદેશ આપતા હોય છે.

વિદ્વાન કક્ષાના શ્રમણ શ્રેષ્ઠ સાધુઓ, પ્રતિદિન નવદીક્ષિત કે અભ્યાસુ સાધુ–સાધ્વીજીઓને યથાયોગ્ય આગમો કે ધર્મ ગ્રંથોની વાંચનાઓ દ્વારા અભ્યાસ કરાવતા હોય છે. સાધના આરાધનામાં પ્રાણ પૂરી સ્થિર કરતા હોય છે. તે સિવાય વ્યાખ્યાન, વાર્તાલાપ, સંસ્કાર શિબિર આદિ માધ્યમો દ્વારા નવા–નવા જનસમૂહોને જૈનત્વના સંસ્કારો, સમ્યગ્ જીવન પદ્ધતિ, અને ધર્મમય જીવનનું માર્ગદર્શન આપતા હોય છે.

જૈન સાધુ–સાધ્વીજીઓ સમગ્ર જીવન પર્યંત કડક આચાર પાલન દ્વારા જીવન આદર્શ જગતમાં મુકતાં હોય છે. અંતે આત્માભિમુખ હોવાને કારણે પોતાને શુદ્ધ–બુદ્ધ–ઉન્નત અને ઉજમાળ કરવા સજાગપણે પ્રયત્નશીલ રહે છે. આમ સ્વ–પર–સર્વનું આત્મશ્રેય કરતાં હોય છે. અંતે સર્વ કર્મથી મુક્ત થવાનું અને મુક્ત કરવાનું એ મુખ્ય કાર્યક્ષેત્ર છે.